# માંડવીના દેવગઢ ગામે ખાડીમાં ડૂબી જવાથી યુવાનનું મોત

માંડવી: માંડવીના દેવગઢ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ખાડીના પાણીમાં ડૂબી જવાથી એક યુવાનનું અકાળ અવસાન થયું છે. આ બનાવને પગલે મૃતક યુવાનના પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર દેવગઢ ગામના ખાડીખુલી ફળિયામાં રહેતા દિનેશભાઈ જયતીભાઈ ચૌધરી (ઉં.વ.૩૫) ગત ૧૨મી મેના રોજ સાંજના સમયે પોતાના ઘરેથી નીકળ્યા હતા, જે બાદ તેઓ રહસ્યમય રીતે ગુમ થયા હતા. પરિવારજનો દ્વારા તેમની આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ મોડી રાત સુધી તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

દરમિયાન તા.૧૩ મેના રોજ સવારના સમયે દેવગઢ ગામના ખાડીખુલી ફળીયા અને લુહારવડ ગામ વચ્ચેથી પસાર થતી ખાડીમાં, જંગલ ખાતાની નર્સરીના પાછળના ભાગે પાણીમાં એક યુવાનનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. સ્થાનિકોની જાણ બાદ તપાસ કરતાં આ મૃતદેહ ગુમ થયેલા દિનેશભાઈ ચૌધરીનો હોવાનું ખૂલ્યું હતું. પ્રાથમિક અનુમાન મુજબ દિનેશભાઈ કોઈ કારણસર ખાડી પાસે ગયા હશે અને અચાનક પગ લપસતા અથવા અન્ય કોઈ અકસ્માતે પાણીમાં પડી જવાથી ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હશે. આ કરુણ ઘટના અંગે મૃતકના પિતા જયતીભાઈ સાયલાભાઈ ચૌધરીએ માંડવી પોલીસ મથકે જાણ કરી હતી. જેના આધારે બીટ જમાદાર સતીષભાઈ ચૌધરીએ અકસ્માત મોતનો ગુનો નોંધી, મૃતદેહનું પંચનામું કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૩૫ વર્ષીય આશાસ્પદ યુવાનના મોતના સમાચારથી દેવગઢ ગામમાં માતમ છવાઈ ગયો છે.

# ડિજિટલ ટોલ સિસ્ટમથી પીપોદરાના લોકોમાં આક્રોશ: ટોલ મુક્તિની માંગ

**માત્ર** સાત કિલોમીટરનું અંતર છતાં પીપોદરાના લોકો પાસે પૈસા ખંખેરાતા હોવાના આક્ષેપ

**ટોલ** ટેક્સમાંથી દિન સાતમાં મુક્તિ નહીં મળે તો ગ્રામજનો આંદોલન કરશે



ઈબ્રાહીમ કાનુ

હથોડા: નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ચોર્યાસી ટોલનાકા ખાતે વાહનો પાસેથી લેવાતા ટોલટેક્સમાંથી તાત્કાલિક મુક્તિ આપવા માંગ કરતી રજૂઆત પીપોદરા ગ્રામ પંચાયતમાં લોકોએ કરતાં પંચાયતે અધિકારીઓને લેટર દ્વારા જાણ કરી છે. જો ઉકેલ નહીં આવે તો પીપોદરાના ગ્રામજનો ન્યાય મેળવવા માટે આંદોલન કરશે એવી ચીમકી આપી છે.

સુરત જિલ્લામાં કામરેજ ચાર રસ્તાથી કીમ વચ્ચે આવેલા ચોર્યાસી ટોલનાકા ખાતે સ્થાનિક વાહનચાલકો પાસેથી ટોલટેક્સ વસૂલવામાં આવતાં લોકરોષ ફાટી નીકળ્યો છે. આ બાબતે પીપોદરા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીના જવાબદાર અધિકારીઓને લેટરપેડ પર કડક રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા અનુસાર થોડા દિવસોથી અમલી બનેલી નવી ડિજિટલ ટોલ સિસ્ટમને કારણે પીપોદરા ગામના સ્થાનિક લોકોનાં વાહનોમાંથી પણ ટેક્સની કપાત થઈ રહી છે. પીપોદરા ગામ ટોલનાકાથી માત્ર સાત કિલોમીટરના અંતરે આવેલું હોવા છતાં ટેક્સ વસૂલાતાં ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સરકારના નીતિ-નિયમો મુજબ સ્થાનિક લોકોને ટોલટેક્સમાંથી મુક્તિ મળવી જોઈએ, તેમ છતાં અધિકારીઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને સામાન્ય જનતા પર આર્થિક બોજ નાંખવામાં આવી રહ્યો છે.

મોંઘવારીના આ સમયમાં સ્થાનિકોનાં ખિસ્સાં હળવા થઈ રહ્યા હોવાથી ગ્રામજનોએ પંચાયત કચેરીમાં વારંવાર ન્યાયની માંગ કરી છે. પંચાયતે NHAI ને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો દિન સાતમાં આ સળગતા પ્રશ્નનું નિરાકરણ નહીં આવે અને સ્થાનિકોને ટોલમાંથી મુક્તિ નહીં મળે, તો પીપોદરાના ગ્રામજનો ન્યાય મેળવવા માટે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે. આ સંવેદનશીલ મુદ્દે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ તાત્કાલિક નિવેડો લાવે તે અત્યંત જરૂરી બન્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંકલામાં ચાર યુવાનનાં મોતની ઘટનામાં ધારાસભ્ય કુંવરજી પરિવારની વહારે આવ્યા


હિતેશ પટેલ

માંડવી: માંડવીના કાકરાપારમાં સર્જાયેલી જળ હોનારતમાં વાંકલા ગામના ચાર આશાસ્પદ યુવાનોના અકાળે અવસાનથી સમગ્ર પંથકમાં ભારે શોક વ્યાપી ગયો છે. ત્યારે આ કપરી ઘડીમાં માનવતા મહેકાવતા માંડવીના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ પીડિત પરિવારોની મદદે આવ્યા છે. ધારાસભ્યએ સંવેદના દાખવી પોતાના ચાર મહિનાનો પગાર (કુલ રૂ.૫ લાખ) સહાય પેટે અર્પણ કરવાની જાહેરાત કરી હતી. તેમણે વ્યક્તિગત રીતે વાંકલા ગામની મુલાકાત લઈ પ્રત્યેક મૃતકના પરિવારને રૂ.૧.૨૫ લાખનો ચેક સોંપ્યો હતો. માત્ર આર્થિક મદદ જ નહીં, પરંતુ શોકગ્રસ્ત પરિવારો સાથે બેસીને તેમણે આશ્વાસન આપ્યું હતું. ધારાસભ્યના આ ઉમદા અને પ્રેરણાદાયી કાર્યની સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પ્રશંસા થઈ રહી છે. પંથકના લોકોએ મૃતક આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

### સુરત મનપાના બેલદારનું મોત

કામરેજ: નવી પારડીમાં ભાડાના મકાનમાં રહેતા અને સુરત મહાનગરપાલિકામાં બેલદાર તરીકે નોકરી કરતો યુવક બુધવારના રોજ છાતીના દુખાવો થયા બાદ ઊંઘી ગયા બાદ ઉઠ્યો જ ન હતો. મૂળ ઉમરપાડાના વકરાત આંબા ગામના વતની અને હાલ નવીપારડી ગામની હદમાં આવેલી શિવશકિત ટીમ્બર માર્ટ નજીક રહીને મહાનગરપાલિકામાં બેલદાર તરીકે નોકરી કરતાં મહેશ કુવરજીભાઈ વસાવા (ઉં.વ.42) મંગળવારે સવારે નોકરી પરથી આવીને જમીને ઊંઘી ગયા હતા. બુધવારના રોજ ઘરે સવારના 5.00 કલાકે જાગી જતાં છાતીમાં દુખાવો થતાં ફરી ઊંઘી ગયા હતા. બાદમાં સવારે 7.00 કલાકે નોકરી પર જવાનું હોવાથી બહેનએ ઉઠાડતાં મહેશભાઈ ન ઉઠતાં કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં ફોટોગ્રાફીના કામે આવેલો યુવાન ગુમ

બારડોલી: બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૨૯ વર્ષીય યુવાન રહસ્યમય સંજોગોમાં ગુમ થયો હોવાની ઘટના સામે આવી છે. ડોલવણ તાલુકાના કાકડવા ગામનો વતની જયદીપભાઇ અશ્વિનભાઇ ચૌધરી ગત ૪ મેના રોજ બારડોલી ખાતે ફોટોગ્રાફીના કામ અર્થે આવ્યો હતો, જે બાદ તે ઘરે પરત ફર્યો નથી. જયદીપ ચૌધરી પોતાનું ફોટોગ્રાફીનું કામ પૂરું કરીને ૪ મે ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાના સુમારે લિનિયર બસ સ્ટેન્ડ પાસેથી ઘરે જવા નીકળ્યો હતો. જો કે, લાંબા સમય સુધી તે ઘરે ન પહોંચતા અને તેનો કોઈ પત્તો ન લાગતા આખરે તેના પત્ની મીનાબેન ચૌધરીએ બારડોલી ટાઉન પોલીસ મથકે જાણ કરી છે. પોલીસે આ અંગે ગુમ જાણવા જોગ નોંધ કરી તપાસ હાથ ધરી છે.

### ધોરણ પારડી નજીક અજાણ્યા વાહન અડફેટે STના નિવૃત્ત કર્મચારીનું મોત

કામરેજ: ધોરણ પારડી ગામે નેશનલ હાઈવે નંબર 48 પર એસ.ટીના નિવૃત્ત કર્મચારીને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. માંગરોળના સિયાલજ ગામે મુસ્લિમ ફળિયામાં રહેતા એવા નિવૃત એસ.ટી કર્મચારી અખ્તર અકબર શેખ (ઉં.વ.65) બુધવારના રોજ સવારે કામરેજના ધોરણ પારડી ગામે અમદાવાદ-મુંબઈ ને.હા. પર રાજસ્થાની ઢાબા પાસે મોપેડ નંબર જીજે 05 બીઝેડ 3897 લઈને જતાં હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે તેમને અડફેટે લેતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ મરનારના નાનાભાઈ ઈસ્માઈલ શેખને કરતાં તુરંત જ ઘટના સ્થળે દોડી આવી કામરેજ પોલીસને જાણ કરી અજાણ્યા વાહનચાલક સામે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### સોનગઢ પોલીસે 22 ગુમ થયેલા મોબાઈલ મૂળ માલિકને પરત અપાવ્યા



સોનગઢ: તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જે.એન. દેસાઈની સૂચનાથી સોનગઢ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને CEIR પોર્ટલની મદદથી વિવિધ સ્થળેથી ગુમ થયેલા 22 મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે. અંદાજે ₹4,49,380ની કિંમતના આ ફોન તેના અસલી માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. પોતાના કીમતી ફોન અને ડેટા પરત મળતાં નાગરિકોએ પોલીસનો આભાર માન્યો હતો. પોલીસે જનતાને મોબાઈલ ગુમ થવાના કિસ્સામાં તુરંત જાણ કરવા અને CEIR પોર્ટલનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે.

### કડોદરાથી અજાણ્યા યુવકની લાશ મળી

પલસાણા: કડોદરામાં ગબ્બર માતાની ગલીમાં, એચ.પી. ગેસ ગોડાઉન અને પૂજા મોબાઈલની દુકાન સામે એક ૩૦થી ૩૫ વર્ષીય યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. કોઈ અગમ્ય કારણોસર યુવાનનું મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ રહ્યું છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સોનગઢમાં વાઘનાં ચામડાં અને નખ સાથે ૬ તસ્કર ઝડપાયા





**ટોકરવા** ગામે આવેલા મહાકાલી માતાના મંદિર પાસે વનવિભાગે દરોડો પાડ્યો

**ઝડપાયેલા આરોપીઓની વિગત**

ઉમેશભાઈ જેઠાભાઈ ગામીત (રહે.,દાદરી ફળિયું, સોનગઢ), કિશનભાઈ જશુભાઈ વસાવે (રહે.,કરવણપાડા, અક્કલકૂવા, મહારાષ્ટ્ર), કોચરીયાભાઈ ટેણિયાભાઈ વસાવે (રહે.,રૂઢીગવાણ, ઉમરપાડા), અમરસિંગભાઈ રામભાઈ કોટવાળીયા (રહે.,મોટી ખેરવાણ, સોનગઢ), ઉકેલીયાભાઈ પુનજીભાઈ કોટવાળીયા (રહે.,મોટી ખેરવાણ, સોનગઢ), ગોવિંદભાઈ ભીલીયાભાઈ કોટવાળીયા (રહે.,મોટી ખેરવાણ, સોનગઢ)

સોનગઢ: સોનગઢ વન વિભાગ દ્વારા વન્યપ્રાણી ગુનાઓ વિરુદ્ધ એક મોટી સફળતા મેળવવામાં આવી છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસર સાદડવેલ અને સોનગઢની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી વાઘનાં અંગોની તસ્કરી કરતા છ શખ્સને દબોચી લીધા છે. મળેલી વિગતો મુજબ સાદડવેલ અને સોનગઢ રેન્જ ફોરેસ્ટ ઓફિસર તેમજ WCCBના પ્રતિનિધિઓએ બાતમીના આધારે દાદરી ફળિયું, ટોકરવા ગામે આવેલા મહાકાલી માતાના મંદિર પાસે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન વન વિભાગની ટીમને અનુસૂચિ-૧માં સંરક્ષિત એવા ભારતીય વાઘનું ૧ નંગ ચામડું અને ૧ નંગ નખ મળી આવ્યા હતા. આ ઉપરાંત ૧૧ નંગ દીપડાનાં નખ પણ જપ્ત કરવામાં આવ્યાં છે. વન વિભાગે આ ગુનામાં વપરાયેલી ચાર મોટરસાઇકલ પણ જપ્ત કર્યા છે. તમામ આરોપીઓને મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરી તેમનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

# બારડોલીમાં જૂની કોર્ટ સામે મંજૂરી વિના ચર્ચનું બાંધકામ થતાં ફરિયાદ

**ગંભીર** બાબતની નોંધ લઈ મામલતદારના તપાસના આદેશ



બારડોલી: શહેરના જૂની કોર્ટ વિસ્તારમાં આવેલી ચર્ચની જગ્યામાં કોઈ પણ જાતની સત્તાવાર પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદે બાંધકામ થઈ રહ્યું હોવાની ફરિયાદ ઉઠતા ચકચાર મચી ગઈ છે. આ મામલે થયેલી રજૂઆતને પગલે મામલતદાર દ્વારા કડક તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ઘટનાની વિગત મુજબ બારડોલીના પંચાયત દ્વારા કરવામાં આવેલા પંચકયાસમાં સામે આવ્યું છે કે બારડોલીના બ્લોક નં. ૪૭૫/ક/૨ તથા ૪૭૫/ખ વાળી જમીનમાં જીવનદિપ ચર્ચ અને રહેણાંકના મકાનો આવેલા છે. આ સ્થળ પર ગિરીશભાઈ સુરેશભાઈ ચૌધરી દ્વારા પાકા મકાનનું ચણતર કરી છત માટે પતરા બેસાડવાનું કામ ચાલી રહ્યું હતું. પંચો દ્વારા જ્યારે આ બાંધકામ અંગે જરૂરી પરવાનગી કે હુકમ રજૂ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે સંબંધિત વ્યક્તિ કોઈ પણ આધાર પુરાવા રજૂ કરી શક્યા ન હતા. પ્રાથમિક દ્રષ્ટિએ આ બાંધકામ ચર્ચના હેતુ માટે અને કોઈપણ મંજૂરી વગર થઈ રહ્યું હોવાનું જણાતા પંચોએ હાલમાં આ કામ બંધ રાખવાની સૂચના આપી છે. મામલતદાર બારડોલીએ આ ગંભીર બાબતની નોંધ લઈ ચીફ ઓફિસર બારડોલી નગરપાલિકાને આ અંગે તાત્કાલિક તપાસ કરવા અને યોગ્ય કાર્યવાહી કરી તેનો અહેવાલ અરજદારને મોકલી આપવા લેખિત જાણ કરી છે. સરકારી તંત્રની આ કાર્યવાહીથી ગેરકાયદે બાંધકામ કરનારા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરાખ, રામપુરામાં DGVCLના 1.14 લાખના વીજ વાયર્સની ચોરી

બારડોલી: દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના બારડોલી સબ ડિવિઝન હેઠળ આવતા ઉમરાખ અને રામપુરા ગામે અજાણ્યા તસ્કરોએ ખેતીવાડી પાવર સપ્લાય માટે વપરાતી 11 KV એગ્રીકલ્ચર લાઈનમાંથી લાખોની કિંમતના વાયરોની ચોરી કરી છે. આ અંગે DGVCLના નાયબ ઈજનેર મહેશભાઈ ઈશ્વરભાઈ ચૌધરીએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત નવેમ્બર 2025થી એપ્રિલ 2026 દરમિયાન અજાણ્યા તસ્કરોએ ઉમરાખ અને રામપુરા ગામે ખેડૂતોના ખેતર પાસેથી પસાર થતી HT વીજ લાઈનમાંથી અંદાજે 570 કિલો વજનના એલ્યુમિનિયમ વાયરો કાપી લીધા હતા. આ ચોરાયેલા વાયરોની કુલ કિંમત 1,14,000 જેટલી થાય છે. વીજ કંપનીના અધિકારીઓને ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆત મળતા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઉમરાખ ગામની સીમમાંથી બે અલગ-અલગ તબક્કે અને રામપુરા ગામની સીમમાંથી વાયરોની ચોરી થઈ હોવાનું જણાયું હતું. થયેલી ચોરીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વિરપુર પાસે ગેરકાયદે ભેંસો લઈ જતી ટ્રક ઝડપાઈ

વ્યારા: વ્યારાના વિરપુર ગામની સીમમાં નેશનલ હાઈવે નં.53 પરથી ગેરકાયદે રીતે ભેંસો લઈ જતી ટ્રક નં.(GJ 31 T 2130)ને ઝડપી લેવાઈ હતી. પોલીસને તપાસ દરમિયાન ટ્રકમાં 9 જેટલી ખીચોખીચ ભરેલી 9 ભેંસ મળી આવી હતી. ત્યારે પોલીસે ટ્રક સહિત 6.80 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપી અજીત અરજણ હાડગરડા (ઉં.વ.24) (રહે.,કામદાર સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, માણાવદર, તા.માણાવદર, જિ.જૂનાગઢ) અને વિજય બાલુભાઇ મોઢવાડિયા (ઉં.વ.24) (રહે.,સ્ટેશન પરા, માણાવદર)ની ધરપકડ કરી અન્ય બે આરોપીને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### વાંકલમાં આંખનો નિદાન કેમ્પ યોજાયો


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વાંકલના ગામીત ફળિયા ખાતે માંગરોળ ચશ્મા પ્રોજેક્ટ અંતર્ગત એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ડો.યુવરાજસિંહ સોનારીયા, તાલુકા પંચાયત સદસ્ય ઉજાસ ચૌધરી, વાંકલ ગ્રામ પંચાયત અને તેજસ આઈ હોસ્પિટલના સંયુક્ત સહયોગથી આયોજિત કરાયો હતો. તપાસ દરમિયાન 580 ઘરમાં ડોર-ટુ-ડોર સરવે અને 90 દર્દીની ઓપીડી કરવામાં આવી હતી. કુલ 48 લોકોને સ્થળ પર જ ચશ્મા અપાયા હતા અને 11 દર્દીને મોતિયાનાં ઓપરેશન માટે રિફર કરાયા હતા.

# વ્યારાની ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીનાં બેંક એકાઉન્ટ સીઝ

વ્યારા: તાપી જિલ્લાની શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. ખુશાલપુરામાં એન્જિ. વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા અરજદાર લાલસિંહભાઈ બાબલાભાઈ ગામીતની ગ્રેચ્યુઈટીની રકમ રૂ.૨,૭૪,૯૯૧ વ્યાજ સહિત ચૂકવવામાં મંડળી દ્વારા વિલંબ અને હાઈકોર્ટના આદેશની અવગણના થતાં તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાઈકોર્ટના આદેશ અને મદદનીશ શ્રમ આયુક્તના રિકવરી સર્ટિફિકેટના અમલીકરણ માટે વ્યારા તાલુકા પંચાયત દ્વારા જમીન મહેસૂલ અધિનિયમની કલમો હેઠળ મંડળીને નોટિસ પાઠવવામાં આવી હતી. નિર્ધારિત સમયમર્યાદા પૂર્ણ થવા છતાં ચૂકવણું ન થતાં તંત્ર દ્વારા લેવામાં આવેલા કડક પગલાંના ભાગરૂપે મંડળીની જંગમ મિલકત એવા ટ્રેક્ટર અને ટ્રેક્ટર ટ્રોલી જપ્ત કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત, મંડળીના તમામ બેંક એકાઉન્ટ્સ સીઝ કરાયાં છે.

# બારડોલીના વરાડ પાસે અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધનું મોત

બારડોલી: બારડોલીથી માંડવી તરફ જતાં સ્ટેટ હાઈવે નંબર ૮૮ પર વરાડ ગામે ચુડી માતાના મંદિર પાસે એક અજાણ્યા કારચાલકે વૃદ્ધને અડફેટે લેતાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. વિતેલી ૧૦ મેના રોજ બપોરે વરાડ ગામના કોંગ્રેસ ફળિયામાં રહેતા ૭૭ વર્ષીય ઈશ્વરભાઈ હળપતિ રસ્તો પસાર કરી રહ્યા હતા. તે સમયે પૂરપાટ ઝડપે આવતા એક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે તેમને જોરદાર ટક્કર મારતા ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. હોસ્પિટલમાં વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# ગરેડિયા ડાયવર્ઝન પર ટ્રાફિક જામ: વાહન ચાલકો ત્રાહિમામ

**માત્ર** માટી પૂરીને સંતોષ માનતા તંત્ર સામે જનતામાં રોષ


હિતેશ પટેલ

માંડવી: માંડવીના ગરેડિયા પાસે ચાલી રહેલી પુલની કામગીરી હવે વાહનચાલકો માટે આશીર્વાદને બદલે શ્રાપ સમાન સાબિત થઈ રહી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર ડાયવર્ઝન પર માર્ગ મરામતની કામગીરી અત્યંત નબળી કક્ષાની છે. તંત્ર દ્વારા માત્ર માટી નાંખીને ખાડા પૂરવાનો પ્રયાસ કરાય છે, જેના કારણે ભારે પવનમાં માટી ઊડીને વાહનચાલકોની આંખમાં જાય છે.

આ ઉપરાંત, રસ્તા પર પથરાયેલી ચટ્ટી-કાંકરીઓને લીધે બાઈક ચાલકો સતત લપસી રહ્યા છે, જેનાથી ગંભીર અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે. ડાયવર્ઝન પર ટ્રાફિકનું કોઈ યોગ્ય સંચાલન ન હોવાથી રોજેરોજ કાર અને મોટરસાઈકલની લાંબી કતારો જોવા મળે છે. વળી, રસ્તાની આજુબાજુ આડેધડ મુકાયેલા મોટા પથ્થરો અને બેરિકેટ્સ ટ્રાફિકની સમસ્યામાં વધારો કરવાની સાથે વાહનોને નુકસાન પહોંચાડી રહ્યા છે. પરિસ્થિતિ ત્યારે વધુ વણસે છે જ્યારે ગરેડિયા નાકાના સંચાલકો દ્વારા બિનજરૂરી દખલગીરી કરવામાં આવે છે, જેનાથી વાહનચાલકોમાં રોષ વ્યાપ્યો છે. જનતાની માંગ છે કે તંત્ર હવે માત્ર 'લોલીપોપ' આપવાનું બંધ કરે અને આ ડાયવર્ઝન પર ડામર કામ કરવામાં આવે.


Milano MULTIPLEX
બારડોલી

Raja Shivaji 02:00pm, 05:30pm, 10:00pm

Bhooth Bangla- 11:00am, 07:00pm

Dhabkaaro-Gujarati 12:00pm, 09:30pm

Krishnavataram Part 1 - The Heart 03:00pm, 06:00pm, 09:00pm

Daadi Ki Shaadi-10:00am,

Mortal Kombat 2- 01:00pm

Vaanki Chuki Love Story- 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૬૬/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૩/૫/૨૦૨૬

વાદી: નઈમ ગુલામહુશેન શેખ, રહે, ૭૯, પટેલ ફળીયુ, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી ખોલવડ ખોલવડ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી નઈમ ગુલામહુશેન શેખનો જન્મ તા.15/01/1977 ના રોજ ખોલવડ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૮/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ



**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૫૪/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૩/૫/૨૦૨૬

વાદી: લક્ષ્મીબેન દલપતભાઈ રાઠોડ, રહે. નવુ ફળિયુ, અબ્રામા, તા.અબ્રામા, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી માંકણા માંકણા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી લક્ષ્મીબેન દલપતભાઈ રાઠોડનો જન્મ તા.01/06/2006 ના રોજ માંકણા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૬/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ